# BSNL & DOT PENSIONERS ASSOCIATION (INDIA)

CENTRAL HEAD QUARTER, AHMEDABAD.

(Registered under Trade Union Act 1926 . Regn No. G-6456 )

(Affiliated to Bharat Pensioners Samaj, New Delhi)

Central Telegraph Office Compound, Bhadra, Ahmedabad-380001

Phone : (O) 079-25500800 (R) 079-27521400 (M) 09879090682

E-mail : didimistry@gmail.com    Web site : http://www.bdpa.in

## 2nd All India Conference & 5th Gujarat Circle Conference At Tagore Hall Ahmedabad on 22nd, September 2015

અમદાવાદ

તા. ૨૧/૦૮/૨૦૧૫

### નિમંત્રણ સાથે નમ્ર નિવેદન

આદરણિય પેન્શનર્સ ભાઈઓ અને બહેનો,

B.D.P.A.-India, ગુજરાત સર્કલ, અમદાવાદ ખાતે દ્વિતિય નેશનલ કોન્ફરન્સ તેમજ ૫મી ગુજરાત સર્કલ કોન્ફરન્સ તા. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ આપ સૌના સાથ અને સહકારથી આયોજિત કરી રહ્યું છે. ૫૦ સભ્યોના ગ્રૃપથી ૨૦૦૪માં શરૂ થયેલ આપણી આ સંસ્થા આજે ૬૦૦૦ સભ્યોનો આંકડો પાર કરી ચૂકી છે અને કાશ્મીર થી કન્યાકુમારી અને કચ્છથી કેરાલા સુધી વિસ્તરી છે તે આપ સૌના હાર્દિક સહકાર તેમજ B.D.P.A. ની ટીમની કાર્યદક્ષતાને આભારી છે !

**આપને વધુમાં જણાવવાનું કે બન્ને કોન્ફરન્સનું સંયુક્ત ખુલ્લુ અધિવેશન તા. ૨૨ સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે "ટાગોર હોલ", સંસ્કાર કેન્દ્રની બાજુમાં, પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ ખાતે મળશે. જેમાં સામેલ થવા આપને ભાવભર્યુ નિમંત્રણ છે. ટાગોર હોલ ઉપર આપની ઉપસ્થિતિ બપોરે ૨:૦૦ કલાકે આવકાર્ય રહેશે. સમારંભ પુર્ણ થયા બાદ સાંજે ૬:૦૦ કલાકે સુરૂચિ ભોજનની વ્યવસ્થા છે, જેથી આપ સૌએ 'ડીનરપાસ' બપોરે ૨:૦૦ થી ૩:૦૦ કલાક દરમ્યાન મેળવી લેવાનો રહેશે.**

વિશેષ આપને જણાવવાનું કે ગુજરાત રાજ્ય કોન્ફરન્સ તેમજ રાષ્ટ્રિય અધિવેશનના ખર્ચને (જે અંદાજીત સાત લાખ રૂપીયા થશે) પહોંચી વળવા એક આકર્ષક સોવેનીયર પ્રકાશિત કરી રહ્યા છીએ. ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રિય અધિવેશનના બન્ને પ્રસંગોનું એકી સાથે આયોજન કરવું એ એક ભગીરથ કાર્ય છે, જે આપ સૌના હાર્દિક અને આર્થિક સહકારથી અવશ્ય સંપન્ન થશે.

આ પ્રસંગે અમો એક આકર્ષક સોવેનીયર **"BSNL Pensioners Directory cum Handbook-2015"** પ્રકાશિત કરી રહ્યા છીએ.

હવે પછીના આગામી વર્ષોમાં આ પ્રકારની 'ડીરેક્ટરી-હેન્ડબુક' પ્રકાશિત થવાની સંભાવના અસ્થાને હોઈ આપ આપની જીંદગીની અંતિમ સ્મૃતિને આ સોવેનીયરના માધ્યમથી જાળવી રાખવા, આપ સૌ આપની "શુભેચ્છા ફોટો જાહેરાત (રૂા. ૧૦૦૦)" તેમજ "દંપતિ ફોટો શુભેચ્છા જાહેરાત (રૂા. ૨૫૦૦)" આ સોવેનિયરમાં પ્રકાશન અર્થે મોડામાં મોડા તા. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં મોકલવા વિનંતી છે. આપની આ શુભેચ્છા જાહેરાત અધિવેશનના ખર્ચને પહોંચી વળવામાં મહત્વનું એક પ્રેરકબળ બની રહેશે.

શુભેચ્છા જાહેરાત અંગેની વિશેષ માહિતી આપણા ત્રિમાસિક મુખપત્ર **'BSNL Pensioners News Gujarat'** ના જુલાઈ-૨૦૧૫ના અંકના પાના નં. ૫૯ અને ૬૦ ઉપર પ્રકાશિત થયેલ છે. તેમજ વિશેષ નિવેદન દ્વારા કોન્ફરન્સના ખર્ચને પહોંચી વળવા હાર્દિક સહકારની નમ્ર અપીલ પણ કરવામાં આવી હતી.

**(પાછળ જુઓ)**

આપ સૌએ અમારી અપીલને સહાનુભુતીપૂર્વક સ્વીકારી આપણે આંગણે પધારી રહેલા ભારતભરના ડેલિગેટ્સ/ઓબ્ઝર્વસને ગુજરાતની મહેમાનગતિનો પરિચય આપવા આપ સૌએ આવકારદાયક સુંદર શરૂઆત કરી છે. પરંતુ હજુ સુધી ૨૫ ટકા જ સહકાર સાંપડ્યો છે !

જેથી ફરીવાર અને અંતિમવાર આપ સૌને વિનમ્ર અપીલ કરવાની કે બુંદે બુંદે સરોવર ભરાય એ ભાવનાથી આપ સૌ ‘‘ફૂલ નહિ તો ફૂલની પાંખડી’’ અર્પણ કરી કૃતાર્થ થશો એવી આશા છે.

હક્ક અને ફરજ એકબીજાના પુરક છે BDPA-INDIA ની ટીમ આપણા હક્કો અને પ્રશ્નોના નિવારણ કરવા માટે પ્રતિબધ્ધ છે તેમજ સુંદર કાર્ય કરી રહી છે ત્યારે આપણે સંસ્થાને વિશેષ મજબૂતી પ્રદાન કરવા સહકાર આપવો એ આપણા સૌની વિશેષ ફરજ બની રહે છે.

વધુમાં જેઓ શુભેચ્છા ફોટો જાહેરાત આપવા ઈચ્છતા નથી તેવા પેન્શનર્સ મિત્રોને અપીલ કરવાની કે ઓછામાં ઓછા રૂા. પાંચસોનો હાર્દિક ફાળો મોકલી સંસ્થાને સહાયભૂત બને તેમજ અધિવેશનને સફળ બનાવવામાં ભાગીદાર બને. તદ્‌ઉપરાંત જે સભ્યોનો ‘‘આજીવન વહીવટી ફાળો’’ લાંબા સમયથી બાકી છે તેઓ આ રકમ મોડામાં ૩૧/૮/૧૫ સુધીમાં ચુકતે કરી સહકાર આપે.

આપ સૌએ ૨૦૧૨માં પ્રથમ રાષ્ટ્રિય અધિવેશન સમયે પણ આર્થિક અને હાર્દિક સહકાર આપેલ છે અને હવે આ દ્વિતિય રાષ્ટ્રિય અધિવેશન પ્રસંગે પણ આપ સૌ ‘‘શુભેચ્છા ફોટો જાહેરાત’’ના માધ્યમ દ્વારા અથવા સ્વૈચ્છિક આર્થિક મદદ આપી, અધિવેશનને સફળ બનાવવા તન મન અને ધનથી સહકાર આપશો એવી અભ્યર્થના સહ વીરમીએ છીએ.

સ્વૈચ્છિક ડોનેશન આપ, બેંક ચેક (**CANARA BANK, BHADRA BRANCH, AHMEDABAD. CURRENT A/c No. 0317201012977**) દ્વારા સીધા આપણી સંસ્થાના કેનેરા બેંક ખાતે જમા કરાવી, ફોન દ્વારા અમદાવાદ ઓફીસે (ફોન : ૦૭૯-૨૫૫૦૦૮૦૦) સૂચિત કરવા વિનંતી છે. અથવા તો આપ તા. ૨૨/૯/૨૦૧૫ના રોજ અધિવેશનમાં હાજરી આપવા પધારો ત્યારે પણ આપ આપનો સ્વૈચ્છિક ફાળો નોંધાવીને સંસ્થાને મદદરૂપ થઈ શકો છો.

આપ સૌના હાર્દિક સહકારની અપેક્ષા સહ,

આપના ભવદિય

**શ્રી અનિલ પટેલ**
પ્રમુખ શ્રી

**શ્રી જગતસિંહ બી. કુંપાવત**
એકઝીક્યુટીવ પ્રેસીડેન્ડ

**શ્રી ડી.ડી. મિસ્ત્રી**
સર્કલ સેક્રેટરી

**શ્રી આર. સી. શર્મા**
ટ્રેઝરર

**શ્રી હર્ષદ સી. ભાટીયા**
કાર્યાલય મંત્રી